ॐ

सदेवंत सावळींगाना परस्पर प्रेमी पत्रो.

રચીને પ્રસિદ્ધ કરનાર,

કુમાર વાલેરાવાળા વિ૦ આલાવાળા.

બીલખા—કાઠિયાવાડ.

આવૃત્તિ પહેલી.   પ્રત ૧૦૦૦.

અમદાવાદ

ધી "નિર્મળ" પ્રિન્ટિંગ પ્રેસમાં

લલ્લુભાઈ ઈશ્વરદાસ ત્રિવેદીએ છાપ્યાં.

ઈ૦ સ૦ ૧૯૦૬.   સંવત ૧૯૬૨.

કિંમત ૨ આના.

ॐ

सदेवंत सावळींगाना परस्पर प्रेमी पत्रो.

रचीने प्रसिद्ध करनार,

કુમાર વાલેરાવાળા વિ० આલાવાળા.

બીલખા—કાઠિયાવાડ.

આવૃત્તિ પહેલી. પ્રત ૧૦૦૦.

—:०:—

અમદાવાદ

ધી "નિર્મળ" પ્રિન્ટિંગ પ્રેસમાં

લલ્લુભાઈ ઈશ્વરદાસ ત્રિવેદીએ છાપ્યાં.

—:०:—

ઈ० સ० ૧૯૦૬. સંવત ૧૯૬૨.

કિંમત ૨ આના.



॥ શ્રી ગણેશાયનમઃ ॥ શ્રી સરસ્વત્યૈનમઃ ॥

सदेवंत सावळींगाना परस्पर प्रेमी पत्रो.

પત્ર ૧ લો સદેવંતનો.

પ્રિય પ્રેમી પ્રેમદા,

જ્યારથી બારોટ પાસેથી મેં આપના રૂપની, ચાતુરીની, ગાયન કળાની, નૃત્ય કળાની, કામ શાસ્ત્રની, નિપુણતાની, એક વચનીપણાની, કૃતજ્ઞતાની, સુજશ આદી અનેક કોટી ગુણોની, કે જે ગુણોનું વર્ણન કરવા મારી કલમ તો શું! પરંતુ મોટા પંડીતો પણ પાર પામી શકે નહી, તેવી વાત સાંભળી છે, ત્યારથી મારૂં મન આપના મુખરૂપી ચંદ્રને મળવા ચકોર રૂપી બન્યું છે.

પ્રિય પ્રેમદા! આપ સુજ્ઞને વધુ શું લખું, પરંતુ મારૂં રાજ, મારો દેહ, મારૂં મન, અને જે કંઇ મારૂં છે, તે હું આપને મારા મનથી નજર કરી ચુકયો છું.

•

પ્રિય તારૂણી ! વિશેષ શું લખું તે સુજતું નથી, પણ ચંદ્રની કીરણો જવાળા જેવી લાગે છે, ગુલાબજળ ઉષ્ણોદક જેવું જણાય છે, ચંદન અંગારસમ ભાસે છે, વળી વારી વિના જેમ મીન, શેવાળ તથા કમળ, તેવી આપ મયંકમુખી વિના મારી ગતી થઇ છે માટે આ વિરહાગ્નિથી દાજેલાને આપના કોમળ હસ્તથી પત્ર લખી આશા રૂપી અમૃત પાશો, ત્યારે જીવાશે, નહીંતો મૃત્યુ થાશે. એજ વિનંતિ.

ભૂલ ચુકની ક્ષમા કરશો,—આ પત્ર મારા ઘણા વિશ્વાસુ ચાકર સાથે મોકલ્યો છે તો તેની સાથે પ્રેમી પત્ર પાઠવી આભારી કરશોજી.

લી. આપનું નિરંતર ધ્યાન કરનાર

સદેવંતના સવિનય પ્રણામ

માન્ય કરી આભારી કરશોજી.

પત્ર ૨ જો સાવળીંગાનો.

પ્રિયતમ પ્રાણાધાર,

આપનો પત્ર વાંચ્યો, વાંચી છાતી સરસો ચાંપ્યો, તથા આંખે અડાડી આંખોને ઠંડી કરી, વિશેષ વિનંતી કે—

આપનો નિરમળ પ્રેમ છે તે પત્ર ઉપરથી જણાઇ આવે છે, પરંતુ મારી નાદાનતાને લીધે બે બોલો લખું છું તેની ક્ષમા કરશોજી.

પ્રિયતમ ! આપ એક રાજાના કુમાર છો, વળી યૌવન અવસ્થાછે, વળી આપની આસપાસ રાજયખટપટી ધુર્ત લોકો તથા ઇર્ષાખોર લોકો મુજ વણીક જાતી અબળાના ઉપર આપનો આટલો બધો પ્યાર જાણીને કાવત્રો કરશે; તોપણ આપનો અતિશય પ્યાર જોઇને હું મારા મનથી વરી ચુકી છું; તેથી આજતો શું, પરંતુ હજારો જન્મમાં શ્રીહરિ પ્રત્યે મારી પ્રાર્થના છે કે,—આપને મારા પ્રાણપતિ કરો. પ્રિયતમ ! આ વાતની જો અમારી વણીક જાતીમાં ખબર પડી તો ઘણીજ ચરચા થશે; પરંતુ આપથી મારા પ્રાણ, માતા, પીતા, નાત, જાત, આબરૂ, પૈસોટકો, કાંઇ અધિક નથી ધારતી, માટે આપ વિના અન્યને પ્રાણાંતે પણ નહિં વરૂં.

હવે વધારે શું લખવું તેની આપની દાસીને સુજ પડતી નથી; તેથી પત્ર બંધ કરૂં છું, અને આપના ચાકર સાથે મોકલું છું, ભુલચુક તથા પ્રેમને લીધે કાંઇ વધારે પડતું લખાણું હોય તેની ક્ષમા કરવાને આપ લાયક છો. એજ વિનંતી.

લી. આપના ચરણની સેવા કરવાને ઉત્સુક દાસી સાવળીંગાના સવિનય પ્રણામ આપના ચરણમાં સ્વિકારી આ અબળાને આભારી કરશોજી.

પત્ર ૩ જો સદેવંતનો.

પ્રિય પ્રેમી પ્રેમદા,

તમારો કૃપાપત્ર મળ્યો; વાંચી એટલો બધો આનંદ થયો છે કે, મારી કલમ ચાલી શકતી નથી, પણ કિંચિત્ લખુંછું કે,—

જેમ દરિદ્રીને ચિંતામણી મળે, અંધને ચક્ષુની પ્રાપ્તિ થાય, મયુરને પર્જન્યની પ્રાપ્તિ થાય, હરિ ભક્તને હરિનો સાક્ષાત્કાર થાય, ને જેવો આનંદ થાય તેથી અધિકો મને આનંદ થયો છે.

પ્રિય તારૂણી! હવે આ દાસને આપના મુખરૂપી ચંદ્રનું દર્શન ક્યારે કરાવશો? તથા અધરામૃત ક્યારે પાશો? તે કૃપા કરીને જણાવશો ત્યારે મારે મન બ્રહ્માનંદથી અધિક આનંદ થશે; વળી આપ સુકોમળ હસ્તે લખો છો કે,—

ધુર્ત લોકની જાળમાં આપ વહેમાઇને ફસાઇ જતા નહીં; પરંતુ મારૂં માથું પણ આપને દેવા તૈયાર છું ત્યારે બીજા લુચ્ચા લોકોનો શું મગદુર છે કદાપી મારા પિતા જાણે તથા ક્રોધે ભરાય તો આપના ખાતર રાજ તજી દેશવટો લેવા તૈયાર છું. હવે આપ સુજ્ઞને વધુ શું લખું, તો પણ આતો પુનઃ પુનઃ લખું છું કે—આપના દરશન વિના રાત્રે નિદ્રા હરામ છે; તથા અન્નપાણી ભાવતું નથી, ગાંડાની માફક બેહાલ થઇને ફરૂં છું; પરંતુ શું કરવું તેની

સુઝ પડતી નથી, માટે આપ દુઃખરૂપી સમુદ્રમાં ડુબેલાને નૌકારૂપ થઇને બચાવશો, એજ વિનંતી.

વિરહાગ્નીથી કંઇ ભુલચુક લખાણી હોય તેની ક્ષમા કરશો.

લી. આપના દરશનરૂપી અમૃતના અભીલાષી શેવક,

સદેવંતના સવિનય પ્રણામ સ્વિકારી

કૃતાર્થ કરશોજી.

પત્ર ૪ થો સાવળીંગાનો.

પ્રિય પ્રાણનાથ। હૈયાહાર,

પ્રિયપતિ ! આપનો બીજો પત્ર મળ્યો, સુધાકરથી પણ અધિક શાંતલ જણાયો; આપ મળવાનુ લખો છો પણ આપથી અધિક આ દાસીને મળવાની અભિલાષા છે; વિશેષ લખી જણાવું છું કે—

અમારી જ્ઞાતીમાં આપણા વિષે નિર્મળ પ્રેમ બંધાયાની ચરચા થવા લાગી છે, તે મારી વિશ્વાસુ દાસી દ્વારા

સાંભળ્યું છે. પ્રીય પ્રાણ ! તેથી હું લેશ માત્ર પણ ડરતી નથી; કદી મારા પીતાને કાને વાત જાશે તો પણ શું થયું; તેઓ આ સ્થુળ શરીરના માલેક છે, પરંતુ મારા સુક્ષ્મ શરીરને કોણ રોકવાવાળું છે. હું મારો સ્થુળ દેહ તજીને પણ આપની કીંકરી બીજા ભવમાં થવા તૈયાર છું.

પ્રાણેશ ! આપને વિનંતી કરૂં છું કે—આપ વિદ્યાભ્યાસ કરવાનું બાનું આપના પીતાજીને બતાવીને નિશાળે આવો, એટલે શ્રીહરિ આપણો નિર્મળ પ્રેમ અન્યો અન્ય જોઇને જરૂર સહાય કરશે; હવે આ દાશી વિનંતી કરી જણાવે છે કે-આપની દેવાંશી તસ્બીર મોકલી આપવા દયાળુ થશો; કે જેથી નિત્ય દરશન કરી ભોજન કરૂં; તેમ તેને મારા ઇષ્ટદેવની પુજાની પેટી ભેગી રાખીશ તેથી લેશ માત્ર પણ કોઇને ખબર નહીં પડે; મારી હીરાની વીંટીની નજીવી ભેટ સ્વીકારી ઉપકૃત કરશો એવો આપ દયાળુ પ્રીયતમનો પૂર્ણ ભરોંસો છે; તે આપના ચાકર સાથે મોકલુ છું.

વહાલા ! હવે મુને આપવિણ કયાંઈ પણ ચેન પડતું નથી, પણ લાચાર ! રાત્રે નિંદ્રા બીલકુલ આવતી નથી પણ તંદ્રા અવસ્થા જેવું જણાય છે તેમાં આપની મનોહર સુરતી સામે આવી ખડી થાય છે; જેવી વાત કરવા જઊં છું કે તુરત આંખ ઊઘડી જાય છે ને છબી અદ્રશ્ય થઇ જાય છે. મારા મનરૂપી મીનને આપના દરશનરૂપી વારી

વીના ચેન પડતું નથી. એજ વિનંતી—ભુલ ચુકની ક્ષમા ઊભય હાથ જોડી માગું છું.

લી. આપના ચરણકમળની સેવા કરવાને ઉત્સુક દાસી

સાવળીંગાના સવિનય પ્રણામ

ચરણમાં સ્વિકારી આભારી કરશોજી.

પત્ર ૫ મો સદેવંતનો.

પ્રિય પ્રેમી પ્રેમદા,

આપનો પત્ર મળ્યો વાંચી અતિશે હર્ષ થયો છે. આપે આપની જ્ઞાતીમાં ચર્ચા થવાની વાત જણાવી, તે ખાતે કિંચિત્ પણ ફીકર કરવાનું પ્રયોજન નથી; જ્યાં આપણ બન્નેનો, અન્યો અન્ય અત્યંત નિર્મળ પ્રેમ છે, ત્યાં બીજુ કોણ અટકાવનાર છે, તો પણ જ્યાં સુધી છાનું રહે ત્યાંસુધી ગુપ્ત રાખવું.

આપે નિશાળે ભણવા બેસવાની યુક્તિ બતાવી, તે મને પણ ઠીક જણાય છે. હું આવતી કાલે મારા પીતાજીને તે વિષે આગૃહથી કહીશ.

બીજું મારા ચાકર સાથે આ દાસની છબી, તથા નવલખો હાર, તેમજ મારી હીરાની વીંટી સંભારણા દાખલ

નજીવી ભેટ મોકલુછું તે સ્વીકારી આભારી કરશોજી; બીજું મારી ઘણીજ નમ્ર અરજ એ છે કે આપની છબી રૂપી અમૃત આપી વીરહથી દાઝેલાને શાંત કરશોજી. હવે શ્રીહરિ સહાય થઇને આપણ બન્નેનો મેળાપ કરાવે તો મારા જીવને નિરાંત વળે. મારા મનમાં સતત એવી અભિલાષા રહ્યા કરે છે કે—કયારે દંપતી અન્યો અન્ય ગળામાં હાથ ઘાલીને ચંદ્રની શીતળ ચાંદનીમાં ધવલ અગાશી ઉપર બેસીને મણીમય પ્યાલીમાં એક બીજાને ઉચ્છીષ્ટ મદ્ય પાઇએ. વળી એવો પણ ઉમંગ રહ્યા કરે છે કે-મારી સઘળી રાણીયોમાં આપને કયારે પટ્ટરાણીપદે સ્થાપું; એજ વિનંતી. ભુલચુકના ક્ષમા ચાહુછું. હવે તો આપણા શરીર માત્ર જુદાં જણાય છે. વાસ્તવીક રીતે અંતરતો એક થઇ ગયાં છે.

લી. કૃપાકાંક્ષી સેવક સદેવંતના
સવિનય ઘણાજ પ્યારથી પ્રણામ વાંચશોજી.

પત્ર ૬ ઠો સાવળીંગાનો.

પ્રિય પતિ પ્રાણાધાર!

આપની દેવાંશી છબી, નવલખો હાર, તથા હીરાની વીંટી આપની કૃપાના પ્રસાદ રૂપી મને મળ્યા તેથી આ-

પનો દાસી ધન્યભાગ્ય માને છે, પ્રાણનાથ! આપ એટલું બધું માન મને આપો છો; પરંતુ આ દીન દાસી એટલા માનને યોગ્ય નથી. શાસ્ત્રકારો કહે છે તે ખરી વાત છે કે—

મોટું માણસ જેને પોતાનું કરીને માને છે તેને કદી છોડતા નથી, જેવી રીતે શંકરને દુઃખ દે છે તો પણ હળાહળ વિષને કંઠે ધારણ કર્યું છે, સમુદ્ર વડવાનળને શ્રીકૃષ્ણે પોતાના ભકતો માટે અનેક સંકટો સહન કર્યાં તેમ આપે મારા માટે રાજ્ય સુખો સઘળાં તજી દીધાં છે, હવે હું શ્રી હરિ પાસે ઉભય કર જોડી પ્રાર્થના કરૂં છું કે મમ પ્રાણપતિના ચરણની સેવા કરવા જલ્દી વખત આપે.

પ્રિય પ્રાણેશ! હું આવતી કાલે સવારના છ બજ્યાને વખતે આપના મુખરૂપી ચંદ્રનું દર્શન કરવા ચકોરી બનીને નિશાળે જાઈશ માટે આપ પણ નિશાળે વહેલા પધારીને આપની કીંકરીના નેત્રને ઠંડક આપશોજી.

વિશેષ તસ્દી આપને આપવી પડે છે કે-આજ સાંજરે પાંચ બજ્યાને વખતે આપ આપના રંગ મહેલની અગાશી ઉપર પતંગ ચડાવવાને બાને ચડી આભારી કરશોજી; હું પણ મારા મહેલના અગાશી ઉપર તે વખતે ચડી દુરથી દરશન કરી મારા ભવોભવના ત્રિવીધી તાપો ટાળી શ્રી જગન્નિયંતાની કૃપાથી કૃતકૃત્ય થઇશ; પ્રાણાધાર! આપ સુજ્ઞને વધુ શું લખું; પરંતુ એક સાહિત્યકારે કહ્યું છે કે—

"જલમેં બસે કુમુદની, ચંદા બસે આકાશ;
જા જાકે મનમેં બસે, તાતાકી હે પાસ."

એજ વિનંતી.

લી. આપના ચરણની સેવા કરવા ઉત્સુક દાસી

સાવળીંગાના સવિનય પ્રણામ

સ્વિકારશોજી.

પત્ર ૭ મો સહૈવંતનો.

પ્રિય પ્રેમદા!

તમારો પત્ર મળ્યો વાંચી હર્ષઘેલો બની સાંજરે મહેલની અગાશી ઉપર ચઢ્યો ને તમારા મહેલ સામી દૃષ્ટી કરી ત્યાંતો તમે જાણે વાટ જોઇને ઊભાજ હો તેમ મારા મહેલભણી દૃષ્ટી કરીને બીલોરની પુતળી માફક એકી ટસે જોઇ રહ્યાં હતાં. મેં તમારાં દરશન કરવા દુરબીનથી જોયું તો મને એટલો બધો આનંદ થયો કે જાણે હું ઇંદ્રના નંદન વનમાં ઊભો હોઊં!

પ્રિય પ્રેમદા! તમારે આવતી સવારે નિશાળે ૭ બજે નહીં પરંતુ સાડાસાત બજે જવાનું રાખવું કેમ કે-સાત બજે મારે નિશાળે જવાનું મુહુર્ત આવ્યું છે તો

સાત બજે ઘોડા ઉપર સવાર થઇને તમારા મહેલ નીચે નીકળીશ ત્યારે તમો ચંદ્રરૂપ બની અટારીમાંથી મારા નેત્રરૂપી ચકોર પક્ષીને ઠંડક આપી શાંતી કરશોજી; એક સાહિત્યકારે કહ્યું છે કે-

" ગુણને જાણે વિરલા, વળી નિર્ધનથી નેહ કરે વિરલા;
રણમાં ધીરા વીરલા,પર દુઃખથી દુઃખી થતા વિરલા. "

જેવી દમયંતી ઉપર નળને પ્રીતી હતી, શ્રી સીતાજી ઉપર રામચંદ્ર સ્વામીને પ્રેમ હતો, એવાં અનેક જોડાંનો નિરમળ પ્રેમ આ દુનિયાં ઉપર થઇ ગયો છે, ને થશે, પણ તે સરવેથી અધીક પ્યાર મારે તમારી ઉપર છે, ને તમારો એટલો બધો પ્યાર આ સેવક ઉપર છે કે—મારી કલમ તેનું વર્ણન કરવા શક્તિમાન નથી. તો પણ એટલું લખુંછું કે—સમુદ્રમાં જેમ એક જળનું બીંદુ તેમ તમારો મારા પ્રત્યેનો પ્રેમ સમુદ્ર છે ને મારો તમારા પ્રત્યેનો પ્રેમ માત્ર એક બીંદુ સમાન છે એજ વિનંતી.

લી. આપના દર્શનથી કદી તૃપ્ત નહી થનાર સેવક

સદેવંતના સવિનય પ્રણામ વાંચશોજી.

પત્ર ૮ મો શાવળીંગાનો.

પ્રિય આર્ય પુત્ર !

આપના લખવા પ્રમાણે હું સવારમાં મહેલના ઝરૂખાની અટારીમાં ચક નાંખીને આપના મુખરૂપી ચંદ્રને નિહાળવા હાજર હતી, આપ મારા પ્રાણનાથની સ્વારી નીકળી આપને ઘોડા ઉપર બીરાજેલા જોઇને હું એટલી હર્ષઘેલી બની કે અહીંથી પડીને મારા પ્રાણપતીના મુખને ચુંબન કરી શાંતીરૂપી અમૃત પીયુ ને પાઉ પણ લાચાર, લોક લાજ આડી આવી તેથી માંડમાંડ મારા હૃદયને હાથ રાખ્યું, તો પણ મારૂં મનરૂપ પક્ષી તો તમારી સાથે આવ્યું છે, ને જ્યારથી આપને કોટી કામદેવથી અધિક આ દાસીએ દીઠા છે ત્યારથી મુજ હૃદયરૂપી મંદિરમાં મનહર મુર્તીને કેદ કરી રાખી છે.

પ્રાણેશ! મારા પીતાએ આજે મને નિશાળે જવાની મના કરીને કહ્યું કે કાલે જવું કેમકે આજે સદેવંત કુમારને નિશાળે ભણવા જવાનું મુહુર્ત છે તેથી રાજાજી પણ કુમારને છોડવા નિશાળે ગયા છે માટે મનુષ્યની બહુ ભીડ હશે તેમજ આપણે નગર શેઠ કહેવાઇએ છીએ તો આબરૂ પ્રમાણે ચાલવું જોઇએ. આવી રીતે મુજ પીતાની આજ્ઞા સાંભળી મારા તો પ્રાણજ ઉડી ગયા પણ કાલે શ્રીહરિની કૃપાથી જવાનું થશે ત્યારે આ દાસીને પ્રિય પતીના દરશનનો લાભ મળશે તેમ ધારીને આશારૂપી આલંબન

મળ્યું. આજનો દિવસ તથા રજની જવાં ઘણાંજ કઠીન થશે તથા કોટી કલ્પસમ ભાસશે. આપને પણ અનહદ ફીકર તેમ વિચાર થશે પણ આ દાસીને ક્ષમા કરી શાંતી-રૂપી અમૃત પત્ર દ્વારા પાશોજી એજ વિનંતી.

લી. આપના ચરણની દાસી

સાવળીંગાના સવિનય પ્રણામ વાંચશોજી.

પત્ર ૯ મો સદેવંતનો.

પ્રિય તારૂણી !

તમારો કૃપા પત્ર મળ્યો વાંચી હર્ષ તથા સંતાપ બન્ને સાથે થયા છે, આજના દિવસના વિરહરૂપી સંતાપને તમારા હસ્ત કમળના અક્ષરોથી હર્ષ થયો છે—

પ્રિય ચંદ્રમુખી—હવે આપને વધારે શું લખું; પરંતુ એટલુંજ લખું છું કે જાણે તમારા વિરહથી પીડાઇને જો-ગીનો વેશ લઇને તમારા મહેલની નીચે ધુણી ધખાવતો પડું પણ લાચાર ! કોઇ ઓળખી કાઢે તો વિપરીત થાય, તેથી તે વિચાર માંડી વાળવો પડયો છે. આજની રાત્રી નીકળવી કઠણ થશે તો પણ કાલે નિશાળે મળવાની અભિલાષામાં જેમતેમ કરીને કાઢી નાખીશ.

પ્રિય પ્રેમદા! આપણા અન્યો અન્ય પત્રની ખબર મારી રાણી પાટમદેને પડી ગઇ લાગે છે; કેમકે તે હરેક વાતમાં વ્યંગ વચનથી મારી મશ્કરીની સાથે કિંચિત ક્રોધ-યુક્ત ભાષણ કરે છે; પરંતુ તેને ખબર નથી કે આ સદેવંત તે શાવળીંગાને થોડા વખતમાં લોક લજ્જા મુકીને પટ-રાણી બનાવવાનો છે. હવે મને તમો વિના એક ઘડી પણ કોટી કલ્પ જેવી જેવી લાગે છે. મારી રાણી પાટમદે વધારે દોઢડાહી થશે તો મારા હાથે કોરડાનો માર ખાશે.

એજ વિનંતી ભુલ ચુકની માફી ચાહુંછું.

લી. સેવક સદેવંતના સવિનય પ્રણામ

સ્વિકારી આભારી કરશોજી.

પત્ર ૧૦ મો શાવળીંગાનો.

પ્રિય પતિ !

આપના હસ્તાક્ષરનો અમૃતરૂપી પત્ર મને મળ્યો છે. વાંચી અમૃત પીધાથી જે સુખ થાય તેથી અધિક સુખ થયું છે; પ્રિય પ્રાણાધાર ! હૈયાહાર ! આપ આપની રાણીને તા-ડન કરવાનું લખો છો, પરંતુ તમોને મારા સોગન છે જો તેને થાપલી પણ અડાડો તો, તેમજ તેના માથેથી પ્યાર કિંચિત પણ ઉતારો તો. તેનો બિચારીનો શું વાંક છે. વાંક તો આ-

પની દાસી શાવળીંગાનો છે કે, આપને અવળે મારગે ચડાવે છે માટે પ્રાણ પ્રિયતમ ! આપની દાસી શાવળીંગાને તેના સાટાની મારશો. આપનો કોમળ હસ્ત મુને જ્યારે તાડન કરતો જોઇશ ત્યારે હું મને અહોભાગ્ય માનીશ; તથા તેમ જાણીશ કે જાણે દ્વારકાંધીશની છાપો લીધી.

મારા નાથ ! હવે આપ કાલે નિશાળે વહેલા પધારીને આ અબળાને આભારી કરશો. હું પણ શ્રીહરિની કૃપાથી આપની અગાઉ ૭ બજ્યામાં નિશાળે હાજર રહીશ. હવે આપણ બન્નેને નિશાળમાં કેવી રીતે મળવું તેનો સંકેત નિશાળમાં કરીશું, તેની હાલથી કંઈ ફીકર કરવી નકામી છે. શ્રીહરિ આપણને સાહ્ય થશે. જો કે નિશાળમાં ઘણા નિશાળીયા ઇર્ષાખોર હશે તો પણ શ્રી દીનદયાળુ ભક્તવત્સલ પરમાત્માની કૃપાથી અડચણ નહીં આવે. એક ભક્તરાજે કહ્યું છે કે—

"જીતને તારે ગગનમેં, ઇતને શત્રુ હોય;
કૃપા હોય શ્રીરામકી, બાલ ન બાંકો હોય."

એજ વિનંતી.

લી. આપના ચરણની સેવાની ઉત્સુક દાસી
સાળીંગાના સવિનય પ્રણામ વાંચી
આભારી કરશોજી.

પત્ર ૧૧ મો સદેવંતનો.

પ્રિય ચંદ્રમુખી !

હું આજે જ્યારે નિશાળે આવ્યો ત્યારે મારા કલાસમાંથી તમોને નિહાળવાનો વખત મળ્યો જાણીને શ્રી હરિનો ઉપકાર માન્યો. ત્યાં તમો કન્યાઓની વચમાં રાજહંસીની પેઠે શોભી રહ્યાં હતાં; પરંતુ બોલવાનો લાગ ન હતો તેથી છેટેથી નેણથી પ્રેમ ભર્યા પ્રણામ કરી આહોભાગ્ય થયો. તમો પણ નેણાંથી પ્રેમરૂપી અમૃત વરસાવી રહ્યાં હતાં, પણ બોલવું દુર્ઘટ હતું કેમકે આસપાસ મહેતાજી વીગેરે માણસો હતાં. એક કવીએ કહ્યું છે તે ખરૂં છે કે—

"નેન પદારથ નેન રસ, નેને નેન મીલંત;
અણજાણ્યાથી પ્રતડી, પ્રથમ નેન કરંત."

પ્રિય તારૂણી !

હું આવતી કાલે એવી યુક્તિ કરી મહેતાજીને કહીશ કે તમોને મારા પીતાશ્રી બોલાવે છે એટલે તે ત્યાં જશે. ત્યાં મારા પીતાશ્રીને મારા અભ્યાસ વિષે મહેતાજીને પુછવાનું કહ્યું છે કે આપ મહેતાજીને પુછીને પછી તેને શીરપાવ આપો. તે મહેતાજી ગયા પછી હું નિશાળીયાઓને છુટી આપી દેઇશ કે આજ ઘેર જાઓ, તથા પાસેની કન્યાશાળામાં પણ આવીને કન્યાઓને છુટી આપીને વિદાય કરીશ ત્યારે તમો જાણીજોઇને હરકોઇ બાનું શોધીને વાંસે રોકાઇ

જશો, પછીથી એકાંતનો લાભ લેઇને આપણ અન્યો અન્ય પ્રેમરૂપી અમૃતના ઝરામાં નાહી આનંદ પામીશું એજ વિનંતી.

લી. આપના કંઠને આસપાસ મારા બાહુરૂપી લતા વીંટીને
અધરામૃતનું પાન કરવાને ઉત્સુક સેવક
સદેવંતના સવિનય પ્રણામ સ્વિકારશોજી.

પત્ર ૧૨ મો શાવળીંગાનો.

પ્રિયતમ !

આપનો કૃપા પત્ર મળ્યો વાંચી અત્યાનંદ થયો છે. આપે નિશાળે મળવાની જે યુક્તી કહી તે યુક્તી મને પણ ગમી છે. આપ જ્યારે સરવેને છુટી આપશો ત્યારે હું કંઇ બાનું શોધીને વાંસે રોકાઇ જઇશ એટલે પછી એકાંતમાં આપણ બન્ને પ્રેમરૂપી અમૃતની વાતચિત કરીશું. શ્રીહરિ આપણને સહાય થશે. પ્રિયતમ ! મેં આજે આપને વાસ્તે ખાસ રસોઇ મારે હાથે બનાવીને મારી દાસીની સાથે મોકલી છે તો આપ તેનું ભોજન કરીને આ દાસીનો જન્મ સફળ કરશોજી.

શ્રી પરમાત્મા આપણને પરણવાનો વખત આપશે ત્યારે તો રોજ રોજ આ દાસી આપને વાસ્તે રસોઇ તૈયાર કરીને સામી બેસીને જમાડશે, તો પણ આજે મારા મનમાં તેવી

ઉત્કંઠા થઇ તેથી રસોઇ મોકલાવી છે. મારા નાથ ! તમારો અનહદ પ્યાર મારા અંતઃકરણમાં એવો ચોંટી ગયો છે કે-એક ક્ષણ પણ આપ વિસરતા નથી. મારી સખીયો મને વારંવાર પુછ્યા કરે છે કે-તુને શું થયું છે કે ઘેલાની માફક વીચાર કર્યા કરે છે? પરંતુ હું તેને ઉડાવનારા જવાબ આપી જેમ તેમ સમાધાન કરૂં છું. હવે આપણે જ્યારથી નિશાળેથી અન્યો અન્ય નજર ખંજરથી વીંધીને જુદાં પડયાં ત્યારથી એમ થાય છે કે જાણે.—

"કાગત લીખું કપુરસેં, બીદ બીદ લીખું સલામ;
જા દીનસેં બી જુદે પડે, તા દીનસેં નીંદ હરામ."

એજ વિનતી.

લી. આપની દાસી સાવળીંગાના

સવિનય પ્રણામ વાંચશોજી.

પત્ર ૧૩ મો સદેવંતનો.

પ્રિય મનહારિણી!

પ્યારી મયંકમુખી આપે અમૃતથી અધીક ભોજન સ્વહસ્તે બનાવીને અનેક જાતનું મારે માટે મોકલ્યું તેને આ દાસ દેવના પ્રસાદરૂપ ગણીને ઘણુંજ પ્રેમથી જમ્યો

છે. પ્રિય પ્રેમદા ! આપની ચાતુરીનાં હું કેટલાં વખાણ કરૂં ? મારાથી આપના ગુણોનાં પુરે પુરાં વખાણ થઈ શકે તેમ નથી. શ્રીહરિની કૃપાથી આવતી કાલે નિશાળમાં આપનાં દર્શન કરીને હું કૃતકાર્ય થઇશ. હવે મારી સઘળી રાણીયો મને બીલકુલ ગમતી નથી, અને આપ પદ્મમણીની તુલ્ય બીજી નારીયો આવે તેમ નથી. આપનું રૂપ અલોકીક એવું સુંદર લાગે છે કે જાણે—

"કાળીરે ઘટામાં ઘનઘોર, જબુકે વીજળી;
સોનેરી ભજહાણ, કહેથી જાણે નીંડળી."

પ્રિય તારૂણી ! મારી રાણીયો મને મશ્કરીમાં કહેવા લાગી કે તમારી સાવળીંગામાં એટલું બધું શું રૂપ છે કે તમો ગાંડાની માફક તેનેજ ભાળો છો ત્યારે મેં તેઓને કહ્યું કે,—

"અંતર ભીના એના કેશ, અખીયાં એની લાલ હે;
જા ઘર એસી નાર, સોઇ નર ન્યાલ હે."

વળી સાવળીંગાનુંરૂપ કેવું છે કે જાણે—

"હાલે હળવેરી હાલ, હાલે જાણે હાથણી;
માથે વાંભક કેરી વેણરે, પંઠડું એનું પારસમણી."

વળી તેના રૂપની બરોબરી ઇંદ્રની અપસરા પણ કરે તેમ નથી તો તમો તો તે હંસણીની આગળ કાગડીઓ જેવી જણાઓ છો. જેમકે—

" નગરઠઠ્ઠા મુલતાન, એસી નહી કોઇ કામની;
ગળે મોતન કેરી માળરે, જણુકે જાણે દામની."

માટે હે રાણીયો આખા આપણા શહેર નગરઠઠ્ઠામાં તેની બરોબર કોઇ નારીનું રૂપ તથા ચાતુરી નથી, માટે જુઠો ગર્વ છોડી દીઓ. મેં તેઓને એમ કહ્યું ત્યારે તે લજવાઇ ગઇયો ને ચુપ રહી ગઇઓ. પ્રેમદા! તારા વિનાની મને બીજી નારીયો શંખણી જેવી લાગે છે. હવે આપ સુજ્ઞને વધારે શું લખું, એજ વિનંતી.

લી. સ્નેહરૂપી પાસમાં બંધાયેલ
સેવક સદેવંતના સવિનય પ્રણામ વાંચશો.

પત્ર ૧૪ મો સાવળીંગાનો.

પ્રિયતમ !

આપનો કૃપા પત્ર માથે ચડાવી ચક્ષુને ઠંડક કરવા સારૂ આંખે અડાડીને વાંચ્યો. પ્રિય પ્રાણનાથ ! આપની રાણીયોને એટલી બધી શરમાવો નહીં. મારામાં એટલો બધો માલ નથી. વળી તે રાણીઓને હું મારી બેનો તુલ્ય માનુંછું, માટે હવેથી તેના મનને દુઃખ લાગે તેવું કાંઇ કરો તો તમને મારા સોગન છે.

પ્રિય પતિ ! વિશેષ લખવાનું કે આવતી કાલે જ્યારે આપણે નિશાળે એકાંતમાં મળીશું ત્યારે ગાંધર્વ વિધીથી લગ્ન શ્રીહરિની કૃપાથી કરીશું કે જે લગ્ન ક્ષત્રીયો વાસ્તે ઉત્તમ શાસ્ત્રકારોએ માન્યાં છે. જો કે હુંતો વૈશ્ય જાતીની વણીક સ્ત્રી છું તો પણ આપ ક્ષત્રીને પરણ્યા પછી ક્ષત્રાણી કહેવાઇશ. જેવી રીતે વિશ્વામીત્ર ક્ષત્રી હતા ને બ્રાહ્મણના કર્મોથી બ્રાહ્મણ ભાવને પામ્યા, તેવી રીતે હું પણ ક્ષત્રાણી થઇને આપની સેવા કરીશ.

શાસ્ત્રોમાં કહ્યું છે કે—જન્મથી બ્રાહ્મણ આદી જાતો ગૌણ પક્ષમાં છે પણ વાસ્તવીક તો કર્મ પ્રમાણે જાતી સમજવી જોઇએ, કોઇ બ્રાહ્મણ થઇને નીચ કર્મ કરે તેને શુદ્ર જાણવો જોઇએ. તેમજ કોઇ શુદ્ર થઇને ઉંચ કર્મ કરે તેને ઊંચ જ્ઞાતીનો હોય તેવી રીતે માનવો જોઇએ. ભુલ ચુકની ક્ષમા કરશોજી. એજ વિનંતી.

લી. આપની સાથે ગાંધર્વ વિધીથી લગ્ન કરવા ઇચ્છા રાખનાર

દાસી શાવળીંગાના સવિનય પ્રણામ વાંચશોજી.

પત્ર ૧૫ મો સદેવંતનો.

પ્રિય નવોઢા !

આપણે આજે ગાંધર્વ વીધીથી નિશાળમાં એકાંત

જાણીને શ્રીહરિને સાક્ષી રાખી નિર્મળ પ્રેમથી લગ્ન કરી રતી ક્રીડાનો જે આનંદ ભોગવ્યો છે તે હું ધારૂં છું કે સ્વર્ગમાં પણ દેવતાને દુર્લભ હશે. પ્રિય તારૂણી! હવે તો મારા મનમાં તારા નામની ધુન લાગી રહી છે ને એમ થાય છે કે કયારે ઉધાડા ઉઠાને વર્ષારૂતુના સમયમાં મહેલમાં હીંડાળા ખાટ ઉપર બેસીને સામ સામાં મધ પાઇએ. જેમકે—

"થંભ થરેરે મેડી હસે, ખેલણ લાગી ખાટ;
લડથડતી પ્યાલા દીયે, ભોઇ ચોમાસારી રાત."

શ્યામ નવીન પયોધરની ઘટા તેમજ તેવીજ સામે તમારા પીન ઊંચા પયોધરની શોભા, વળી મેઘમાં ચપળાનો પ્રકાશ તેમજ અહીં તમારા ઘુંઘટમાંથી કયારેક પ્રેમરૂપી દ્રષ્ટીથી જોવું તે રૂપી વિદ્યુતનો સળાવો. આકાશમાં ઇંદ્ર ધનુષ્યને અહીં તમારા નેણરૂપી ધનુષ્ય એકી વખતે જોઊં ત્યારે મારા જીવને શાંતી થાય. તે વિના બીજો ઉપાય નથી.

પ્રિય તારૂણી! હું આવતી કાલે મેતાજીની વાડીએ મેતાજી પાસેથી રજા લઇને જાઇશ, કે ગુરૂનું કામ શિષ્યે કરવું જોઇએ માટે વાડીમાં કંઇ પણ કામ કરવાની ઉત્કંઠા છે તમો પણ ભાત દેવાનું બાનું કરીને આવશોજી. આતો વળી "એક પંથ ને દો કાજ" જેવું થશે. એકતો વિદ્યા ગુરૂનું કામ ને બીજું આપણ બન્નેને એકાંતમાં મળવાની સગવડ. જેમ કે—

"ચાલો સખી તહાં જાઇએ, જહાં બસે બ્રજરાજ;
ગોરસ વેચત હરિ મીલે, એક પંથ દો કાજ."

એજ વિનંતી.

લી. સ્નેહાધીન સેવક

સદેવંતના સવિનય પ્રણામ સ્વિકારી

ઉપકૃત કરશોજી.

પત્ર ૧૬ મો સાવળીંગાનો.

પ્રિય પ્રાણનાથ!

આપણે મહેતાજીના બગીચાની અંદર ગઇ કાલના સંકેત પ્રમાણે ભેળાં થઇને જે હાસ્યવિનોદ કર્યો તેનું સુખ અલૌકીક હતું. હવે તો આપણી રાજ વાડીમાં વસંતરૂતુમાં સાથે વિહાર કરીએ ને આરસના હોજોમાં ગુલાબજળ ભરી તેમાં જલક્રીડા કરીએ. અન્યો અન્ય જળ છાંટીએ. ફુવારો છોડાવી વર્ષારૂતુના જેવી ઠંડક કરીને વાળાના બંગલામાં શીતોપચાર માટે ચંદન એક બીજાને અંગે ચરચી રત્ન સિંહાસન ઉપર સાથે બેસી કોકીલાના મધુર સ્વરો આમ્રલતામાંથી સાંભળીએ. તેમજ કોકી-લાના શબ્દથી અતી મધુર ગળાવાળી વારાંગનાઓનાં

ગાયન સાંભળી એક બીજાના અધરામૃતનું પાન કરી સાથે જમીએ ત્યારે મારા જીવને શાંતી થાય.

પ્રિય પ્રાણનાથ ! વિશેષ વિનંતી કે—આપણે વિદ્યા-ગુરૂની વાડીમાં ભેળાં જમ્યા ને અન્યોઅન્ય પ્રેમપાસમાં બંધાણા છીએ તે વાતની ખબર મારા પીતાને પડી ગઇ છે, તેથી મારાં લગ્ન કરવાની ઉતાવળનો પત્ર મારા સસરા ઉપર પાઠવ્યો છે. પરંતુ આપ વિના બીજા બધા પુરૂષો મારા ભાઇ તથા પીતા તુલ્ય છે. શું ? રાજસિંહનો શિકાર એક જંબુક લેઇ જશે ? ના ના તે કદી બનેજ નહી. પ્રિય-નાથ ! હાલ એજ વિનંતી. વિશેષ નવિન ખબર હશે તો આ દાસી આપને નિવેદન કરશે

લી. આપની દાસી શાવળીંગાના

સવિનય પ્રણામ વાંચશો.

પત્ર ૧૭ મો સદેવંતનો.

પ્રિય મયંકમુખી !

તમારો પ્રેમી પત્ર મળ્યો વાંચી હૃદયને ઠંડક કરી. વિ-શેષ લખવાનુ એ કે આપણા પ્રેમની તથા તેમની ખબર તમારા પીતાજીને પડી તેથી તેણે તમારાસાસરા ઉપર પત્ર

લખી લગ્નની ઉતાવળ કરાવી પરંતુ જ્યાં સુધી આ શરીર જીવે છે ત્યાં સુધી બીજાનો શું ભાર છે કે તમારી સામું જોઇ શકે.

પ્રીય તારૂણી ! મનહારિણી ! હવે આપણે કેવી તરેહથી ગુપ્ત મળીશું તેનો સંકેત કરીને મુને જણાવશોજી, કદી ગમે તેવું ભય ભરેલ સ્થળ હશે ત્યાંપણ આપના દરશનનો લાભ લેવા આ શેવક હાજર થશે; શ્રીહરિની કૃપાથી આપણે કોટી જન્મો સુધી સાથેજ રહીશું તથા સાથેજ જમીશું હવે તો મારા મનમાં નિશ્ચય થયો છે કે—

દોહો—દુનિયામાં એક આપ છો, બીજી નાર લબાર;
માળા જપું તુજ નામની, મેળવશે કીરતાર.

હવે મને બીજી નારીઓ સામું જોવું પણ ગમતું નથી. કહો તો મારી રાણીયોનો પોશાક પેરી આપને ઘેર હાજર થાઉં આ વિરહાગ્નિથી બળતાને આપના કોમળ અંગરૂપી અમૃતનો સ્પર્શ કરાવી શાંતી આપશોજી. આપને માટે આપની દાસી સાથે ઉંચા માંહેલું મદ્ય મોકલ્યું છે તે પીજો તથા શેસ રાખી આપના અધરામૃતને અડાડી પ્રસાદી તરીકે આ દાસ ઉપર દયા લાવીને મોકલાવી મને કૃત કાર્ય કરશો આપનું ઉચ્છીષ્ટ મદ્ય મને અમૃતથી પણ કોટી ગણું

મધુર લાગશે. એજ વિનંતી.

લી. સેવક સદેવંતના સવિનય પ્રણામ
અંગીકૃત કરીં આભારી કરશોજી.

પત્ર ૧૮ મો સાવળીંગાનો.

પ્રિય પ્રાણપતી !

આપે પાઠવેલો પત્ર તથા આપની કૃપારૂપી મધ મને પહોંચ્યાં છે તમો મારા માટે કેટલી બધી ચાહના રાખો છો. તે ફક્ત મારૂં હૃદય તથા શ્રીહરિ જાણે છે વિશેષ લખવાનું કે—મારા પીતાજી ઉપર પત્ર લઇને મારા વિવાહ સમજવા મારા સાસરા તરફથી માણસો આવ્યા છે, તે વિવાહ સમજયા છે. આવતી કાલે મારા લગ્ન લખવાનું મુહુર્ત છે માટે આપ આજ રાત્રે સ્ત્રીનો પોશાક પહેરીને મારાં સગાઓમાંથી લગ્ન નિમિત્તે બૈરાઓ આવે છે તેની સાથે પધારી મારા ભુવનને પવિત્ર કરશોજી. મેં એવી તરેહથી સંકેત કરી રાખ્યો છે કે—મારી દાસીને લગ્નનો પોશાક લગ્ન સમયે પહેરાવીને ગુપ્તદ્વારથી આપની સાથે આપણા રાજમહાલયમાં ચાલી આવીશ. માટે આપ બે ફીકર રહેશોજી. જયારે ચોરીએ ચડવા વખતે હું આપની સાથે છુપી રીતે નીકળીને રંગમહેલમાં આવીશ ત્યારે મને નિરાંત વળશે. તથા મારા પીતા પણ બીકને લીધે

જાનવાળા ન જાણે તેમ ગુપચુપ મારી દાસીને તે વણીક પુત્ર સાથે પરણાવી દેશે. મારી દાસી પણ ઘણી ચતુર છે માટે જાન તેને ઘેર પહોંચ્યા પહેલાં કોઇ અન્યને ખબર પડવા નહી દે એજ વિનંતી—

લી. આપના ચરણની સેવા કરવાને ઉત્સુક

દાસી શાવળીંગાના સહવિનય પ્રણામ વાંચશો.

પત્ર ૧૯ મો. સદેવંતનો.

પ્રિય ચંદ્રવદની !

આપનો કૃપાપત્ર મળ્યો વાંચી આનંદસાગરમાં ડુબી ગયો છું. આજ રાત્રે મારી રાણીનો પોશાક પહેરીને આ-પની સેવામાં સેવક હાજર થશે. તથા ત્યાંથી આપણે બન્ને દંપતી ગુપ્ત દ્વારથી રાજ મહેલમાં આવતાં રહીને શ્રી પરમદયાળુ પરમેશ્વરની કૃપાથી હમેશાં સાથે રહીને આનંદમાં રાત્રી દીવસો નિરગમન કરીશું. તમોને પુછ્યા વિના હું પાણી પણ નહીં પીઉ. પટરાણી પદ આપને સ્થાપી આ દાસ આપની સેવામાં હાજર રહીને કૃત કાર્ય થશે, વર્ષાઋતુમાં મહેલના ઝરૂખામાંથી વરસાદની બહાર સાથે જોઇશું. તથા મલાર રાગ સાંભળી આનંદ પામીશું. વરસાદમાં અગાશી ઉપર ચડીને પ્રેમથી ક્રીં-

જાઇ ઠંડી ઉતારવા અન્યોઅન્ય એક બીજાને છાતીમાં ઘાલીને અધરામૃતનું પાન કરીશું તથા આસવના પ્યાલા સામસામા પાઇને અમૃતથી અધીક રતી સુખ માણીશું. હવે આ છેલો દીવસ કયારે આથમે ને કયારે આપના-દરશનના સુખનો ભાગીદાર હમેશાને માટે થાઉં તેમ ઉત્કંઠા ઘણીજ થઇ છે. કામશાસ્ત્રમાં કહ્યા પ્રમાણે મોજ વીલાસ કરી જુદે જુદે સમે આપણે સ્વાદ ચાખીશું. આપ નવોઢા હજુ અગ્યાત યૌવના છો એટલે આપને આથી વધારે ખુલાશો સમજાશે નહીં પરંતુ આપ જયારે મારા મહેલને પાવન કરશો ત્યારે અંતરના દાઝ ઓલવી અમૃતના ઝરામાં હમેશ ડુબેલાં રહીશું. એજ વિનંતી.

લી. આપના દરશનનો અભિલાષી સેવક

સદેવંતના સવિનય પ્રણામ સ્વિકારી

ઉપકારી કરશોજી.

પત્ર ૨૦ મો સાવળીંગાનો.

પ્રિય પ્રાણપતિ !

આપનો અમૃતથી અધીક મધુર પત્ર પહોંચ્યો છે વાં-ચીને તુર્ત હર્ષઘેલી બનીને આપને નિવેદન કરવા આ પત્ર

પાઠવ્યો છે આજ રાત્રીના આઠ બજ્યાને વખતે મારી દાસીને આપના મહેલે ગુપ્તદ્વારથી મોકલીશ. તેની સાથે આપ સ્ત્રીનો પોશાક પહેરીને બેધડક પધારશો, શ્રીહરિની કૃપાથી મારા શરીરમાં પ્રાણ છે ત્યાંસુધી આપનેઊની આંચ નહીં આવે. આપ મારા ઉપર કૃપા કરીને આ દાસીએ બનાવેલી રસોઇ મારે ઘેર જમશોજી. આપ વાસ્તે પુજાના ઓરડામાં ગુપ્ત રીતે સઘળી તૈયારી રાખી છે. ત્યાં આપની સાથે જમીને પરભાર્યાં ગુપ્ત રસ્તે રાજમહેલમાં ચાલ્યા જઇશું આજનો દિવસ મને ઘણો મોટો થઇ પડ્યો છે, પરંતુ આપના દરશનનો હમેશનો લાભ થવાનો જાણીને હર્ષઘેલી બનીછું. શું કરવું, ને શું ન કરવું ? તેનું પ્રેમથી ભાન ભુલી છું.

હવે તો મારા પરમેશ્વર પણ આપ છો. મારા પ્રાણપતીથી મને કંઇપણ અધીક નથી. આ દાસી શ્રીહરિ પાસે હમેશાં એજ માગે છે કે મારા પ્રાણનાથ સદેવંત કુમારની સેવામાં કોટી જન્મો સુધી મને રાખી મારાપર કૃપા કરજે કર્મ પ્રમાણે જ્યાં જન્મ થાય ત્યાં મારા પતી સદેવંત કુમાર થાય ને આ દાસી તેની સેવામાં હાજર રહી આનંદ પામે.

શ્રીહરિની કૃપાથી આપણે કદી જુદાં નહીંજ પડીશું વળી પરમેશ્વર પાસે મારી પ્રાર્થના છે કે હે દીનદયાલ ! ભક્તવત્સલ અંતરયામી જો મારે સદેવંત પતી સીવાય બીજો સ્વપ્નામાં પણ ભાઇ બાપ તુલ્ય હોય તો જેમ સતી

દ્રોપદીના ચીર દુષ્ટ કૌરવની સભામાં પુર્યાં હતાં તેમ મારા મનોરથો મારા પ્રાણપતી સદેવંત કુમારની સાથે રાખી પુરજો એજ વિનંતી.

લી. આપના ચરણની સેવા કરવાને ઉત્સુક દાસી

શાવળીંગાના સવિનય પ્રણામ વાંચશોજી.

સદેવંતના મહેલમાં રાત્રીને વખતે શાવળીંગાને ઘેરથી સદેવંતની સાથે ગુપ્તદ્વારથી સાવળીંગાનું જવું તથા શ્રીહરિની કૃપાથી સદેવંતની સેવામાં હમેશાં શાવળીંગાનું આનંદમાં રહેવું-- ઇતિ.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

આ પુસ્તક નીચે લખેલે ઠેકાણેથી મળશે.

માળી ભગવાન મેઘજી.

પોષ્ટ બીલખા—ઠેo ચંદ્રબાગ.

જીલ્લો કાઠિયાવાડ.